ઓનલાઇન લાખોની ઠગાઈ કેસના આરોપીને જામીન મળ્યાં

સુરત: રૂપિયા ૧૮ લાખની ઓનલાઇન ઠગાઈ કેસમાં ઘરપકડ કરાયેલાં અમદાવાદના આરોપી ઇમરાન શેખની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજૂર કરી હતી. સુરત સાયબર ક્રાઇમ પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ આરોપીઓએ ઓનલાઇન વેબસાઈટ ઉપર જાહેરાતો આપી ઓનલાઇન લીઝ વર્ક આપી નફો કમાવવાની લોભામણી લલચામણી જાહેરાત કરી હતી. શરૂઆતમાં થોડા ઘણા પૈસા ઓનલાઇન ટ્રાન્સફર કરાવી નફો પણ આપ્યો હતો. ત્યારબાદ અલગ અલગ ખાતામાં 18,00,000 થી વધુ રકમ મંગાવી નાણા પરત ન આપી ઠગાઈ કરી હતી. આ કેસમા આરોપી ઈમરાનની ઘરપકડ કરવામાં આવી હતી. જેણે કોર્ટમાં જામીન અરજી રજુ કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી ની જામીન અરજી મંજુર કરી હતી.

કામધંધો બરાબર નહીં ચાલતા ભેસ્તાનના યુવકે ફાંસો ખાધો

સુરત: કામધંધો બરાબર નહીં ચાલતા ભેસ્તાનના યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશ કાનપુરના વતની શારદાપ્રસાદ જગન્નાથ નિષાદ (ઉ.વ.46) હાલમાં ભેસ્તાન વિસ્તારમાં આવેલા જમનાનગરમાં પરિવાર સાથે રહેતા હતા. તે સિલાઈ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. કેટલાક સમયથી શારદાપ્રસાદનું કામ બરાબર ચાલતું ન હતું. જેથી આર્થિક રીતે ભાંગી પડેલા શારદાપ્રસાદે કાલે રાત્રે ઘરમાં લોખંડના એંગલ સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ પરિવારને થતા ભેસ્તાન પોલીસને જાણ કરવામાં આવી હતી. શારદાપ્રસાદની પત્ની થોડાક સમયથી વતન ખાતે ગયા હતા.

પીપલોદ રોડ પર લક્ઝરી બસની અડફેટે મોપેડચાલકનું મોત

સુરત: પીપલોદ રોડ પર લક્ઝરી બસચાલકે અડફેટે લેતાં મોપેડચાલક યુવકનું મોત થયું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ નેપાળના વતની ગોવિંદા સૂર્યનારાયણ શ્રેષ્ઠ (ઉ.વ.23) હાલમાં પીપલોદ વેલેન્ટાઈન સિનેમાની પાસે આવેલા સાંઇ ફૂડ કોર્ટમાં રહેતો હતો અને ત્યાં જ હોટલમાં નોકરી કરતો હતો. ગત 18મીએ સાંજે ગોવિંદા વેસુથી મોપેડ લઈને પરત આવી રહ્યો હતો. ત્યારે રાહુલ રાજ મોલની પાસે આવેલ SMC આવાસની સામે બેફામ બનેલા લક્ઝરી બસચાલકે ગોવિંદાની મોપેડને અડફેટે લીધી હતી. અકસ્માતને પગલે ગોવિંદાને ગંભીર ઇજાઓ થતાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન કાલે સાંજે તેનું મોત થયું હતું. બનાવને પગલે ઉમરા પોલીસે બસચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહિલા વકીલને ધમકી આપનારે આખરે માફી માંગી

સુરત: સુરત જિલ્લા વકીલ મંડળના મહિલા વકીલને ધમકી આપનાર રાજ પાઠકે મંગળવારે સુરત જિલ્લા વકીલ મંડળની ઓફિસમાં આવી પ્રમુખ ઉદય પટેલ, સેક્રેટરી મુકુન્દ રામાણી, ખજાનચી દિવ્યા કોસંબિયા તથા ચૈતન્ય પરમહંસ, સાગર વેલધી, જાવેદ મુલતાની, અલ્પેશ ઠક્કર, રોનિકા ચૌહાણ, સંજય ધોરાજીયા, વિજય રાઠોડ, સોનલબેન રાજપૂત તેમજ બીસીજી મેમ્બર હિરલ પાનવાલાની ઉપસ્થિતિમાં માફી માંગી હતી તેમ સેક્રેટરી મુકુંદ રામાણીએ જણાવ્યું હતું. આ મહિલા વકીલે ધમકી આપનારની સામે પોલીસમાં અરજી કરી હતી અને સુરત બારને પણ આ અંગે જાણ કરી હતી.

AAIના EDએ દમણ અને સુરત એરપોર્ટનું નિરીક્ષણ કર્યું

મુસાફર સુવિધાઓ, ઓપરેશનલ સલામતી અને ભાવિ વિકાસ યોજનાઓની સમીક્ષા કરી

સુરત: એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એએઆઈ)ના પશ્ચિમ ક્ષેત્રના કાર્યપાલક નિયામક પુલ્લા હઝેકિયાહે બુધવારે સુરત તથા દમણની મુલાકાત દરમિયાન સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટની કામગીરી, મુસાફર સુવિધાઓ અને વિકાસ કાર્યોનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું હતું. તેમણે ટર્મિનલ બિલ્ડિંગ, એરસાઈડ વિસ્તાર, રનવે, પેરાલેલ ટેક્સી ટ્રેક, એરક્રાફ્ટ પાર્કિંગ સ્ટેન્ડ સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓનું અવલોકન કરી ઓપરેશનલ સલામતી અને સેવા ગુણવત્તાની સમીક્ષા કરી હતી.

સુરતમાં વસતા ૨૬ રાજ્યના નાગરિકોને ફ્લાઈટ્સ આપો: ચેમ્બર

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સોમવારે સુરત ખાતે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI)ના પશ્ચિમ ક્ષેત્રના રિજનલ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પુલ્લા હિઝેકિયા સાથે સુરતમાં વસતાં 26 રાજ્યના નાગરિકોને પોતાના પ્રાંત સાથે કનેક્ટિવિટી મળે એ હેતુથી ડોમેસ્ટિક ફ્લાઇટ્સ વધારવા તથા આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સમાં વૃદ્ધિ કરવા, એરપોર્ટનાં વર્તમાન વિકાસકાર્યો તેમજ આગામી દાયકાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

સુરતથી એર ઇન્ડિયાની દિલ્હી-સુરત ફ્લાઇટ ફરી શરૂ કરવા ગ્રોથ હબની માંગ

સુરત: સાઉથ ગુજરાત ગ્રોથ હબે એર ઇન્ડિયાના મુખ્ય કાર્યકારી અધિકારી તથા મેનેજિંગ ડિરેક્ટરને રજૂઆત કરી સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી એર ઇન્ડિયાની દિલ્હી-સુરત-દિલ્હી પૂર્ણ સેવા (ફુલ સર્વિસ) ફ્લાઇટ તાત્કાલિક પુન: શરૂ કરવાની તેમજ દિલ્હી અને મુંબઈ હબ મારફતે નિર્વિઘ્ન આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવાની માંગ કરી છે. રજૂઆતની નકલ એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના અધ્યક્ષને પણ મોકલવામાં આવી છે.

ઘરના ટિફિનની વ્યવસ્થા માટેના લાંચ કેસમાં જેલર નિર્દોષ

સુરત: રમઝાન માસમાં જેલમાં ઘરનાં ટિફિનની વ્યવસ્થા માટે રૂપિયા ૧૦ હજારની લાંચ કેસમાં લાજપોર મધ્યસ્થ જેલના જેલર મુકેશચંદ્ર ધીરજલાલ દોશી અને હત્યા કેસના કેદીનો નિર્દોષ છૂટકારો થયો હતો. લાંચની રકમમધ્યસ્થ જેલના પાકા કેદી ગણેશ નાથુ વસાવા મારફતે તે રકમ સ્વીકારતાં જેલરને એસીબીએ છટકું ગોઠવી ઝડપી પાડ્યા હતા. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ કોર્ટમાં ચાલી હતી. આરોપી તરફે સિનિયર વકીલ ગૌતમ આઈ. દેસાઈ તથા વકીલ ચેતન કે. શાસ્ત્રીએ ફરીયાદ પક્ષના સાહેદોની ઉલટતપાસ લઈ દલીલો કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યું હતું. બંન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે બચાવ પક્ષની રજૂઆત ગ્રાહ્ય રાખી આરોપી જેલર મુકેશચંદ્ર ધીરજલાલ દોશી, પાકા કામના કેદી ગણેશ નાથુ વસાવાને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

વોટર પાર્કની મજા બની જીવલેણ!

વોટર પાર્કમાં ખોટી છલાંગથી ગરદનમાં ઈજા થતાં યુવકનું મોત

બે મહિના પહેલાં જ યુવક રોજગાર માટે સુરત આવ્યો હતો

સુરત: રવિવારની રજાનો આનંદ માણવા માટે મિત્રો સાથે વોટરપાર્કમાં ગયેલા 21 વર્ષીય યુવક માટે આ સફર જીવનની અંતિમ સફર બની ગઈ. ગોથાણ વિસ્તારમાં આવેલા કાઈનેક્સ વોટરપાર્કના સ્વિમિંગ પૂલમાં છલાંગ લગાવતી વખતે શરીરનું સંતુલન બગડતાં ગળાની નસ વાંકી વળી ગઈ અને તેની ગરદનને ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર હાલતમાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજતાં પરિવાર અને મિત્રવર્તુળમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના રહેવાસી રોહન ગણેશ બારી (ઉ.વ.21) છેલ્લા બે મહિનાથી સચિન જીઆઈડીસી નજીક પાલીગામ સોસાયટીમાં ભાડે રહી ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો.

ગત 21 જૂને રવિવારની રજા હોવાથી રોહન તેના પાંચ જેટલા મિત્રો સાથે ગોથાણ સ્થિત કાઈનેક્સ વોટરપાર્કમાં ફરવા ગયો હતો. દિવસ દરમિયાન તમામ મિત્રો સ્વિમિંગ પૂલમાં મોજ-મસ્તી કરી રહ્યા હતા. આ દરમિયાન રોહને પૂલમાં છલાંગ લગાવી હતી, પરંતુ છલાંગ દરમિયાન તેનું સંતુલન બગડતાં ગરદન પર જોરદાર આંચકો લાગ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, ગરદનની નસ વાંકી વળી જતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી અને તે સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. તેને ખાનગી હોસ્પિટલમાં લઈ બાદ વધુ સારવાર માટે તેને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ડોક્ટરોએ તેને બચાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ સારવાર દરમિયાન સોમવારની રાત્રે તેનું મોત થયું હતું. રોહનના અકાળ અવસાનથી તેના પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે. માત્ર બે મહિના પહેલાં જ સારી રોજગારીની આશા સાથે સુરત આવેલા યુવાનનું સપનું અધૂરું રહી ગયું. ઘટનાના સમાચાર મળતાં પરિવારજનો સુરત દોડી આવ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે ઉમરાણ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ વોટરપાર્કમાં અકસ્માત કેવી રીતે બન્યો, સલામતીના નિયમોનું પાલન થયું હતું કે નહીં તેમજ અન્ય સંજોગોની પણ તપાસ કરી રહી છે.

નાસીરનગર વિવાદ: દિવસભર તપાસ કમિટીની મીટિંગ્સ ચાલી

કોર્ટના હિયરિંગ પહેલાં પાંચ અધિકારી સામે સસ્પેન્શન સહિતનો તખ્તો ગોઠવાયો હોવાની ચર્ચાથી ફફડાટ

સુરત: નાસીર નગર ડિમોલીશનની તપાસ માટે મનપા કમિશ્નર દ્વારા રચાયેલી તપાસ કમિટીની આજે જુદા જુદા સ્થળે મીટિંગો ગોઠવાઈ હતી તેમજ મોડી સાંજ સુધી મીટિંગોનો દોર અને પુછપરછ ચાલુ રહેતા મનપાના વર્તુળોમાં ગરમાટો વ્યાપી ગયો હતો.

મંગળવારે સવારે 10 વાગ્યાથી જ તપાસ કમિટીની મીટિંગોનો દોર ચાલુ થઈ ગયો હતો. સાયન્સ સેન્ટર અને આઈ ત્રીપલ-સી સહિત જુદા જુદા સ્થળો પર તપાસ કમિટીએ ગુપ્તરાહે મીટિંગો કરીને સબંધિતોની પૂછપરછનો દોર મોડી સાંજ સુધી ચલાવ્યો હતો. બીજી જુલાઈના રોજ કોર્ટમાં થનારા હિયરિંગ પહેલાં મનપા દ્વારા લેવાયેલા પગલાંનો રિપોર્ટ આપવાનો હોય આ ડિમોલિશનના વિવાદમાં સંકળાયેલા પાંચથી સાત ઈજનેર અને કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવા તખ્તો ગોઠવાયો હોવાની ચર્ચાએ પણ આજે જોર પકડ્યું હતું.

જો કે આ તમામ ગતિવિધિઓની વચ્ચે તપાસ કમિટીમાં સમાવિષ્ટ તમામ અધિકારીઓને કડક સૂચના મળી જતાં તપાસના ધમધમાટ બાબતે એક પણ વિગતો બહાર આવી નથી તેમજ તમામ અધિકારીઓ મોબાઈલ બંધ કરી બેસી જતાં રહસ્ય ઘેરાયું હતું અને સસ્પેન્શનનો તખ્તો ઘડાયો હોવાની વાતને હવા મળી હતી.

'ગામમાં વરસાદ છે'ની રીલ બનાવી ને ચોર દંપતી ઝડપાયું

સુરતમાં લાખોની ચોરીમાં ફરાર પતિ-પત્નીને રીલનો શોખ ભારે પડ્યો

રીલમાં નોટોનાં બંડલ બતાવનાર બંને આંધ્રપ્રદેશથી ઝડપાયાં

સુરત: સચિન GIDC પોલીસની ટીમે સોશિયલ મીડિયાના મોહમાં અંધ બનેલા એક શાતિર ચોર દંપતીને આંધ્રપ્રદેશના અંતરિયાળ વિસ્તારમાંથી દબોચી લેવામાં સફળતા મેળવી છે. સચિન GIDC વિસ્તારમાં આવેલી એક જ્વેલર્સની દુકાનમાંથી લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ઘરફોડ ચોરી કરી છેલ્લા બે વર્ષથી પોલીસને હાથતાળી આપતા પતિ-પત્નીને તેમની જ ઈન્સ્ટાગ્રામ રીલ્સે જેલ ભેગા કરી દીધા છે. આરોપીઓ ગુનો કર્યા બાદ સતત લોકેશન બદલતા હતા, પરંતુ રીલ અપલોડ કરવાની આદત તેમની ડિજિટલ ફૂટપ્રિન્ટ સાબિત થઈ હતી.

રીલના બેકગ્રાઉન્ડથી પોલીસ લોકેશન સુધી પહોંચી

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ઘરપકડ કરાયેલા આરોપીઓમાં વિકાસકુમાર રામધની યાદવ (ઉ.વ.૨૩) અને તેની પત્ની અનન્યાસિંગ વિકાસકુમાર યાદવ (ઉ.વ.૨૪) (બંને મૂળ રહે., મિર્જાપુર, ઉત્તર પ્રદેશ)નો સમાવેશ થાય છે. આ દંપતી સુરતમાં રૂ.૬,૧૧,૮૦૧ની મત્તાની ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ હતું. ફરાર હોવા છતાં આ દંપતી સોશિયલ મીડિયા પર વિડીયો અપલોડ કરવાનું બંધ કરી શક્યું ન હતું. ગત ૨૧ મે ૨૦૨૬ના રોજ આરોપી હાથમાં નોટોના બંડલ બતાવી રોફ જમાવતો દેખાયો હતો. ત્યારબાદ ૧૮ જૂનના રોજ તેમણે 'ગામમાં વરસાદ પડી રહ્યો છે' તેવા બેકગ્રાઉન્ડ સાથેની છેલ્લી રીલ મૂકી હતી. આ રીલના આધારે પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસ એક્ટિવ કરી લોકેશન ટ્રેક કરતાં આ દંપતી આંધ્રપ્રદેશના પ્રકાશમ જિલ્લાના મુન્દલામુરૂ ખાતેથી મળી આવ્યું હતું, જ્યાંથી સચિન GIDC પોલીસે BNSSની કલમ-૭૨ મુજબ બંનેની ઘરપકડ કરી લીધી છે.

35 વર્ષની સેવા બાદ આસિ. નર્સિંગ સુપ્રી. કડીવાલા નિવૃત્ત

નવી સિવિલ હોસ્પિટલમાં ભવ્ય વિદાય અપાઈ

સુરત: નવી સિવિલ હોસ્પિટલના આસિસ્ટન્ટ નર્સિંગ સુપરિન્ટેન્ડેન્ટ ઈકબાલ કડીવાલા 35 વર્ષની નિષ્ઠાવાન સેવા બાદ વયનિવૃત્ત થતાં હોસ્પિટલ પરિવાર દ્વારા તેમનું ભાવભર્યું સન્માન અને વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે કડીવાલાએ જણાવ્યું હતું કે સરકારી નોકરીમાંથી નિવૃત્તિ લીધી છે, પરંતુ ગરીબ દર્દીઓ અને સમાજસેવાની તેમની સફર હવે પણ યથાવત્ રહેશે. વિદાય સમારોહમાં પૂર્વ ડીન ડો. શૈલેન્દ્ર બાજપાઈ, TNAIના રાષ્ટ્રીય અધ્યક્ષ હિતેષ ભટ્ટ, આરએમઓ ડો. કેતન નાયક સહિત તબીબો, નર્સિંગ અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

રાષ્ટ્રપતિ એવોર્ડ સહિત અનેક સન્માન મળ્યાં છે

ઈકબાલ કડીવાલાએ કોરોના મહામારી દરમિયાન કોવિડ વોરિયર તરીકે કામગીરી ઉપરાંત 'માનવ સેવા શબવાહિની ટ્રસ્ટ'ની સ્થાપના કરી ગરીબ પરિવારોને અંતિમવિધિ માટે સહાય પૂરી પાડી હતી. અંગદાન જાગૃતિ, ઘાયલ પક્ષીઓની સારવાર અને માનવસેવાના કાર્યો બદલ તેમને વર્ષ 2010માં રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો છે.

ક્રૂડ-PTA-MEG સસ્તા છતાં POY-FDY યાર્નના ભાવ કેમ ઘટતા નથી?

સ્પિનર્સે કાર્ટેલ બનાવી વિવર્સનું શોષણ શરૂ રાખ્યાનો સચિન ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીના સેક્રેટરી મયૂર ગોળવાલાનો આક્ષેપ

સુરત: યુદ્ધવિરામ અને સમાધાન બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર નરમાઈ જોવા મળી છે. તેની અસરરૂપે પોલિએસ્ટર યાર્નના મુખ્ય રો-મટિરિયલ PTA અને MEGના ભાવમાં પણ ઘટાડો નોંધાયો છે. તેમ છતાં બજારમાં POY અને FDY યાર્નના ભાવમાં અપેક્ષિત ઘટાડો ન થતાં વિવિંગ ઉદ્યોગમાં અસંતોષ ફેલાયો છે.

સચિન ઇન્ડ.સોસાયટીના સેક્રેટરી તથા વિવર્સ અગ્રણી મયૂર ગોળવાલાએ આક્ષેપ કર્યો છે કે, રિલાયન્સ સહિતના અગ્રણી સ્પિનર્સે કાર્ટેલ બનાવી બજારમાં યાર્નના ભાવ કૃત્રિમ રીતે ઊંચા જાળવી રાખ્યા છે. તેમના જણાવ્યા મુજબ ક્રૂડ ઓઈલ અને PTA-MEGના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં તે મુજબ યાર્નના ભાવ ઘટાડવામાં આવ્યા નથી, જે બજારની સ્વાભાવિક વ્યવસ્થાના વિરુદ્ધ છે. આગામી દિવસોમાં તહેવારોની સિઝન શરૂ થવાની હોવાથી ખરીદી અને ઉત્પાદનની ગતિ વધી રહી છે. આવી સ્થિતિમાં સ્પિનર્સ યાર્નના ભાવ ઘટાડવાના બદલે ઊંચા ભાવે માલ વેચીને વિવર્સ પાસેથી વધારાનો નફો કમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આ પ્રવૃત્તિને બજારની ખોટી પ્રેક્ટિસ ગણાવી સરકાર તથા સંબંધિત નિયામક એજન્સીઓએ સમગ્ર મામલે ધ્યાન આપવાની માંગ કરી છે. બીજી તરફ ઉદ્યોગના અન્ય વર્ગોનું માનવું છે કે, અગાઉના ઊંચા દરે ખરીદાયેલા સ્ટોક, ઉત્પાદન ખર્ચ સહિતના કારણે પોલિએસ્ટર તથા MMF (મેન-મેડ ફાઇબર) ક્ષેત્રની ઉત્પાદન એકમો હજુ પણ ખર્ચના દબાણ હેઠળ કામ કરી રહી છે. ઉદ્યોગ જગતમાં અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે કે જો આંતરરાષ્ટ્રીય બજારમાં નરમાઈ યથાવત્ રહેશે અને સ્થાનિક કાચા માલના ભાવમાં પણ વધુ ઘટાડો થશે તો આગામી દિવસોમાં યાર્નના ભાવ પર તેની અસર જોવા મળી શકે છે. જો કે, હાલ માટે યાર્નના ભાવને લઈને સ્પિનર્સ અને વિવર્સ વચ્ચે મતભેદ વધુ તેજ બન્યા છે.

છાપરાભાઠામાં પારિવારિક ઝઘડામાં યુવકે ફાંસો ખાધો

સુરત: છાપરાભાઠા વિસ્તારમાં પારિવારિક ઝઘડામાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મળતી માહિતી પ્રમાણે મૂળ ઉત્તરપ્રદેશ વારાણસીના વતની શિવમ ભગીરથ રાય (ઉ.વ.26) હાલ અમરોલી છાપરાભાઠા ખાતે આવેલી શિવનગર સોસાયટીમાં રહેતો હતો અને જ્વેલરીના દાગીના બનાવવાનું કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. કાલે બપોરે શિવમે ઘરના રસોડામાં પંખાના હૂક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જાણ થતાંની સાથે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. શિવમે પારિવારિક ઝઘડામાં અંતિમ પગલું હોવાની આશંકા છે. આ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.

ભટારમાં નશામાં ધૂત રિક્ષાચાલકે માસૂમ બાળક સાથે દંપતીને ઉડાવ્યું

મોપેડને ટક્કર મારી રિક્ષા ફૂટપાથ પર ચઢાવી દીધી

જોખમી ડ્રાઇવિંગ જોઈ જાગૃત નાગરિકે અકસ્માતની આશંકા વિડીયો ઉતાર્યો તે વાયરલ થયો

સુરત: ભટાર નવજીવન સર્કલ પાસે નશાની હાલતમાં બેફામ રિક્ષા હંકારી રહેલા ચાલકે મોપેડ પર જઈ રહેલા દંપતી અને તેમના માસૂમ બાળકને પાછળથી જોરદાર ટક્કર મારતા ત્રણેય રોડ પર પટકાયા હતા. અકસ્માત બાદ રિક્ષા ફૂટપાથ પર ચડી જતાં અફરાતફરી મચી હતી. સમગ્ર ઘટનાનો LIVE વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ખટોદરા પોલીસે રિક્ષાચાલકને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગત 29 જૂનના રોજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક ઓટોરીક્ષા ચાલકનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં ભટાર નવજીવન સર્કલ પાસે નશાની હાલતમાં બેફામ રિક્ષા હંકારી રહેલા ચાલકે મોપેડ પર જઈ રહેલા દંપતી અને તેમના માસૂમ બાળકને પાછળથી જોરદાર ટક્કર મારતા ત્રણેય રોડ પર પટકાયા હતા.

આ વિડીયોના આધારે પોલીસની ટીમે તપાસ શરૂ કરી હતી. જે દરમિયાન, વાયરલ વિડીયોમાં દેખાતી ઓટોરીક્ષા (નં. GJ-05-VV-0497) રોકી હતી. પોલીસે પંચોની રૂબરૂમાં રિક્ષાચાલકની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ સુરેન્દ્ર રામચંદ્ર બિંદ (ઉં.વ.૩૬, રહે., તિરૂપતી બાલાજી સોસાયટી, સચીન જી.આઈ.ડી.સી., મૂળ ઉત્તરપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેને સોશિયલ મીડિયામાં વાયરલ થયેલો તેનો જ વિડીયો બતાવતા, તેણે પોતે જ ગફલતભરી રીતે વાંકી-ચૂકી રિક્ષા હંકારી હોવાની કબૂલાત કરી હતી.

રોડ પરથી પસાર થતાં રાહદારીઓ તેમજ અન્ય વાહનચાલકોનો જીવ જોખમમાં મૂકી ભય પેદા કરવા બદલ પોલીસે અંદાજે ૨૫,૦૦૦ની કિંમતની ઓટોરીક્ષા જપ્ત આરોપી સુરેન્દ્ર બિંદ વિરુદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરી છે.

પાંડેસરા પોલીસ ઊંઘતી રહી ને PCBએ દારૂ ઝડપી પાડ્યો

ટેમ્પોમાં દારૂનું કાર્ટિંગ કરતાં મુંબઈ અને પાંડેસરાના બુટલેગરો રંગેહાથ પકડાયા, બે વોન્ટેડ

સુરત: પાંડેસરા પોલીસ સ્ટેશનની હદમાં સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ છે અને પી.સી.બી.ની ટીમે કલરટેક્ષ કંપનીના ગેટ નં. ૦૬ ની સામે જાહેર રોડ પર દરોડો પાડી વિદેશી દારૂનું કાર્ટિંગ કરતાં બે ઈસમને વાહનો તથા લાખોના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. પોલીસે સ્થળ પરથી દારૂ, બે વાહન અને રોકડ મળી કુલ રૂ.૧૧,૯૩,૫૩૬ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પી.સી.બી. શાખાએ મહારાષ્ટ્ર પાસિંગની બોલેરો મેક્સ પિકઅપ ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો થ્રી-વ્હીલર ટેમ્પોમાં શિફ્ટ કરતાં વિનોદકુમાર રાધેકિશન યાદવ (ઉ.વ.૪૦, રહે., થાણે વેસ્ટ, મુંબઈ, મૂળ યુ.પી.) અને વિવેક સત્યનારાયણ ગુપ્તા (ઉ.વ.૨૧, રહે., સીતાનગર, પાંડેસરા, સુરત)ને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે કુલ ૩,૨૬૪ નંગ બોટલો (૬૮ પેટી), જેની કિંમત રૂ.૫,૮૧,૫૩૬, બોલેરો પિકઅપ અને ટેમ્પો સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપી વિનોદ યાદવની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે, આ દારૂનો જથ્થો તેણે મહારાષ્ટ્રના પાલઘરના મનોર બ્રિજ પાસેથી એક અજાણ્યા ઈસમ પાસેથી પિકઅપમાં ભરી આપ્યો હતો. આ જથ્થો સુરતના પાંડેસરા ખાતે ભગવતી રેસિડેન્સીમાં રહેતા મુખ્ય બુટલેગર દિલીપભાઈ રાજપત વિશ્વકર્માએ મંગાવ્યો હતો. દિલીપના કહેવાથી જ આરોપી વિવેક ગુપ્તા ટેમ્પો લઈને કાર્ટિંગ કરવા આવ્યો હતો. આ સાથે બે આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે.

STMની ચૂંટણીમાં 3 પેનલ ઊતરવાની અટકળો

STM કમિટી ચૂંટણીમાં જબરદસ્ત ઉત્સાહ, 20 સભ્યો માટે 74 ઉમેદવારી ફોર્મનું વિતરણ

18 જુલાઈએ મતદાન, 987 મતદાર, STM પ્રગતિ સંઘે માર્કેટની લીઝને મુખ્ય મુદ્દો બનાવ્યો

સુરત: શહેરના રિંગ રોડ સ્થિત સુરત ટેક્સટાઈલ માર્કેટ (એસટીએમ) કો-ઓપ. સોસાયટીની મેનેજિંગ કમિટીના 20 સભ્યની 18 જુલાઈએ યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ મેળવવાનો મંગળવાર અંતિમ દિવસ હતો. બે દિવસ દરમિયાન કુલ 74 ઉમેદવારી ફોર્મનું વિતરણ થતાં ચૂંટણી જંગ વધુ રસપ્રદ બનવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

ચૂંટણી સમિતિ દ્વારા 29 અને 30 જૂન દરમિયાન સાંજે 5 વાગ્યા સુધી ઉમેદવારી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે 51 અને બીજા દિવસે 23 મળી કુલ 74 ફોર્મ ઉમેદવારોએ મેળવ્યા હતા. હવે આ ફોર્મ ભરવાની અને જમા કરાવવાની પ્રક્રિયા 1 અને 2 જુલાઈ દરમિયાન હાથ ધરવામાં આવશે.

ચૂંટણી સમિતિના જણાવ્યા મુજબ અગાઉ મતદાર યાદીમાં કુલ 1,262 મતદાર હતા. જોકે લીઝની બાકી રકમના કારણે 275 સભ્યના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવતા હવે કુલ 987 મતદાર જ મતદાન માટે પાત્ર રહ્યા છે. ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનાર દરેક ઉમેદવારે રૂ.5,000ની રિફંડેબલ ડિપોઝિટની રકમ જમા કરાવવાની રહેશે. જો કોઈ ઉમેદવારને કુલ મતના 15 ટકાથી ઓછા મત મળશે તો તેની જમાનત જપ્ત કરવામાં આવશે.

20 સભ્યની ચૂંટણી માટે 74 ઉમેદવારી ફોર્મનું વિતરણ થવાથી આ વખતે બે નહીં પરંતુ ત્રીજી પેનલ પણ ચૂંટણી મેદાનમાં ઉતરે તેવી ચર્ચાઓ તેજ બની છે. અગાઉ યોજાયેલી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) દરમિયાન પણ ત્રીજા પેનલ અંગે સંકેતો મળ્યા હોવાનું વેપારી વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. જો ત્રીજી પેનલ સત્તાવાર રીતે ચૂંટણીમાં ઝંપલાવશે તો એસટીએમની ચૂંટણી વધુ રોમાંચક અને ત્રિકોણીય જંગમાં ફેરવાય તેવી શક્યતા છે.

બીજી તરફ વિરોધી જૂથે આ ચૂંટણીમાં બહુચર્ચિત 'લીઝ' મુદ્દાને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. પરિણામે ચૂંટણી પ્રચાર દરમિયાન આ મુદ્દો કેન્દ્રસ્થાને રહેવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.